[illegible]

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૬/ફ્વા-૪/૨૦૧૮-૧૯/3567-8 તા. 22-5-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

સરપંચ - શ્રીનાકરા ગ્રામપંચાયત કચેરી - એલ.એમ. ધડુક,

નાકરા

માણાવદર

જુનાગઢ

પીનકોડ - ૩૬૨૬૨૫

મો: ૯૯૭૪૬ ૭૪૬૩૯

વિષય :–વિભાગીય કચેરી ફેરવવા બાબત

સંદર્ભ:– આપની અરજી , તા.૧૧/૦૩/૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૬/ફ્વા-૪/૨૦૧૮-૧૯)

શ્રીમાન,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ સાદર રવાના :

મુખ્ય ઈજનેર (ટેક), પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ – જે આપ સાહેબ શ્રી ની સાદર જાણ સારૂ.

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી પોરબંદર

(૨) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

(૩) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી પોરબંદર

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૪) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં–૨ જુનાગઢ

(૫) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી બાંટવા

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૬/ક્વા-૪/૨૦૧૮-૧૯/ તા.

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૬/ક્વા-૪/૨૦૧૮-૧૯

અરજદાર: સરપંચ - શ્રીનાકરા ગ્રામપંચાયત કચેરી - એલ.એમ. ધડુક ગામ: નાકરા

રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે સંજયભાઈ ધડુક અને રમેશભાઈ પી. શિંગાળા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **પોરબંદર ગ્રામ્ય**

રજૂઆત કરનાર: પી.વિ. દઢાણી, જુનીયર ઈજનેર, એચ. એમ. દાવડા સિનીયર આસિસ્ટન્ટ બાટવા પેટા વિભાગીય કચેરી બાંટવા

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જુનાગઢ

તારીખ: ૧૪ -૦૫ -૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૪ -૦૫ -૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર તરીકે સરપંચ - શ્રીનાકરા ગ્રામપંચાયત કચેરી - એલ.એમ. ધડુક ,મું. પો. : નાકરા, – તેઓની અરજી ના નોંધણી નંબર :૭૧/ક્વા-04/૨૦૧૮-૧૯ મા જણાવે છે કે, તેઓએ વિભાગીય કચેરી ફેરવવા માટે તા.૦૧–૦૨–૧૯ થી મેનેજીંગ ડિરેકટર સાહેબ ને અરજી આપેલ, જે અનુસંધાને જણાવેલ કે સદર બાબત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ને સ્પર્શતિ હોય – ત્યા અરજી કરવા અરજદાર ને જણાવેલ. માણાવદર તાલુકાના નાકરા ગામ ના ખેડુત શ્રી ટપુભાઈ જીવાભાઈ અને અન્ય ૧૬ ખેડુતો માણાવદર –૧ હેઠળ સપ્લાય મેળવે છે, જ્યારે બીલીંગ પ્રક્રીયા બાંટવા – પોરબંદર વિભાગીય કચેરી થી થાય છે. જેથી, અરજદારે બીલીંગ માણાવદર –૧ હેઠળ કરી દેવા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારશ્રી એલ.એમ.ધડુક નાકરા ગ્રામ પંચાયત કચેરી સરપંચ ની રજુઆત મુજબ બાંટવા પેટા વિભાગીય કચેરી હેઠળ ૧૯ ગ્રાહકો જે નાકરા ગામમાં આવેલ છે. આ ૧૯ ગ્રાહકો કે જેમનું બિલીગ પ્રક્રીયા બાંટવા પેટા વિભાગીય કચેરી, થી થાય છે.

૩.૧ ઉપરોક્ત સદર ગ્રાહકો ને વીજ પુરવઠો નાકરા એજી ફીડર માંથી આપવામાં આવે છે માણાવદર તાલુકાના નાકરા ગામના ખાતેદાર ખેડુતશ્રીઓને વીજ પુરવઠો, માણાવદર-૧ પેટા વિભાગીય કચેરી કે જે ગ્રામ્ય વિભાગીય કચેરી નં.–૨ જુનાગઢ નીચે સપ્લાય થાય છે.

૩.૨ ઉપરોક્ત ખાતેદાર ખેડુતોની વિજ જોડાણની ફાઇલ જોતા અરજીમાં દર્શાવેલ તમામ ખેડુતોના ખેતીવાડી રેવન્યુ સર્વે નંબર વાસ્તવમાં નાકરાના જોવા મળેલ છે.આ ૧૯ ગ્રાહકોની ખરેખર ભૌગોલીક દ્રષ્ટિએ પણ નાકરા ગામને માણાવદર જ નજીક છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજુઆત ના અનુસંધાને – માણાવદર તાલુકાના નાકરા ગામના ખેડુત શ્રી ટપુભાઈ જીવાભાઈ અને અન્ય ૧૬ ખેડૂતો જે માણાવદર–૧ પેટા વિભાગીય કચેરી ના બે અલગ–અલગ ફીડરમાથી પાવર સપ્લાય મેળવે છે. પરંતુ, આ તમામ જોડાણો નુ બીલીગ – પોરબંદર ગ્રામ્ય વિભાગીય કચેરી ના બાટવા પેટા વિભાગીય કચેરી હેઠળ કરાય છે. આ તમામ ગ્રાહકો નુ જરૂરી બીલીગ – જુનાગઢ ગ્રામ્ય વિભાગીય કચેરી નં.–૨ હેઠળ ના માણાવદર–૧ પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામા આવે, તે માટે ની જરૂરી પ્રપોઝલ કાર્યપાલક ઈજનેર પોરબંદર ગ્રામ્ય વિભાગીય કચેરી દ્વારા અધિક્ષક ઈજનેર પોરબંદર ને મોકલવામા આવેલ છે. અધિક્ષક ઈજનેર પોરબંદર તથા અધિક્ષક ઈજનેર જુનાગઢ ના યોગ્ય સંકલનથી જરૂરી પ્રપોઝલ – નિગમીત કચેરી– રાજકોટ ને મોકલી આપવાની આ તબ્બકે, સામેવાળા ને જરૂરી સુચના આપવામા આવે છે. આ તબ્બકે નિગમીત કચેરી– રાજકોટ ની મંજુરી મુજબ કાર્યવાહી કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯